R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૯

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-26 • ISSUE: 49 DATE: 09-12-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## બોમ્બે હાઇકોર્ટે ટિપ્પણી કરી કે લોકો પ્રતિભાવ આપે તો હત્યાની ધમકી મળે છે પરિણામે દેશની છબી ખરડાય છે

આ દેશમાં કલાકારો અને બીજાઓને ખુલ્લેઆમ ધમકીઓ અપાય છે.અને પોતાનો મત વ્યક્ત કરવા બદલ લોકો પર હુમલા થઈ રહ્યા છે. એને કારણે ભારત જેવા લોકશાહી દેશની બહુ કંગાળ છબી ઊભી થાય છે.સંજય લીલા ભણસાલીી વિવાદાસ્પદ ફિલ્મ પધ્માવતી સંદર્ભમાં ઉક્ત ટિપ્પણી કરતાં બોમ્બે હાઈકોર્ટ જણાવ્યુ હતું કે દિગ્દર્શક પોતાની ફિલ્મ(પધ્માવતી) રીલીઝ નથી કરી શકતા અને એની અભિનેત્રી દીપીકા પ્રદુકોણને હત્યાની ધમકી મળી છે.અનુક્રમે રેશનાલિસ્ટ નરેન્દ્ર દાભોળકર અને ગોવિંદ પાનસરેની હત્યાના કેસની તપાસ ચલાવતી સીબીઆઈ અને રાજ્યની સીઆઈડીની અત્યાર સુધી આ કેસના મુખ્ય શકમંદોની ધરપકડ ન કરવા બદલ વડી અદાલતે ઉધડો લીધો હતો. આ દેશમાં એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે જ્યું લોકો પોતાનો મત વ્યક્ત કરી નથી શકતા. જ્યારે પણ કોઈ પોતાનો મત મુકવાનો પ્રયાસ કરે ત્યારે સાર્વત્રિક વિરોધ શરુ થઈ જાય છે. એ રાજ્ય માટે સારુ નથી.એવી ટકોર ન્યાયાધીશ ધર્માધિકારીએ કરી હતી.

આજે ગમે તે વ્યક્તિ અભિનેત્રીની હત્યા કરવાની વાત કરે છે.ખુલ્લેઆમ ધમકીઓ, કેટલા અસામજિત તત્વો આવી પરિસ્થિતિ કે વાસ્તવિકતા જાણ્યા વગર વિરોધ કરવા ઉતરી આવે છે.આ સ્થિતિ કાયદો અને વ્યવસ્થા માટે ખુબ જ જોખમી છે.બીજા ક્યા રાજ્યોમાં કલાકારોને ધમકીઓ અપાય છે.અમને લોકશાહી તરીકે ભારતની પ્રતિષ્ઠા ખરડાય છે તેના વિશે બહું ચિંતા થાય છે.

## પધ્માવતી વિવાદ : સેન્સર બોર્ડે કહ્યુ કે ઇતિહાસકારોની ટીમ ફિલ્મ નિહાળશે

પધ્માવતી ફિલ્મ બાબતે ચાલી રહેલા વિવાદ વચ્ચે સેન્સર બોર્ડના વડા પ્રસુન જોશીએ જણાવ્યુ હતું કે નિષ્ણાંતોની ટીમ ફિલ્મને જોશે. તે ટીમમાં ઇતિહાસકારો પણ સામેલ કરવામાં આવેલા છે.ફિલ્મ નિર્માતાઓએ તે પછી સેન્સર બોર્ડને અરજી આપીને સમજાવવું પડશે કે તેમની ફિલ્મ કલ્પનાઓને આધારીત છે કે ઇતિહાસ સાથે તેને કોઈ સબંધ છે?સી.પી.જોશી પણ સંસદીય પેનલ સમક્ષ હાજર રહ્યા હતા.તેઓ પણ ભાજપના છે. તેમણે એ વાતનો સ્વીકાર કર્યો કે ભણસાલી રાણી પધ્માવતીમાં લોકોના રહેલા વિશ્વાસ અને આસ્થાને સમજવામાં નિષ્ફળ રહ્યા છે.ભણશાલીને પ્રશ્નોત્તરી માટે બોલાવનારી સંસદીય સમિતિના સભ્ય અડવાણીએ કહ્યુ હતું કે ફિલ્મ નિર્માતાનું ક્રોસ એક્ઝામિનેશન બેઠકના એજન્ડામાં નહોતું.સમિતિ પાસે ઘણાં કામ છે અને બિન સુંસગત મુદ્દા હાથ પર ના લેવા જોઈએ.

## પુર્વ અમેરિકી પ્રમુખ બરાક ઓબામા ભારતની મુલાકાત દરમિયાન જણાવ્યુ રાજકીય નેતાઓ સમાજમાં રહેલા પરિબળોનું પ્રતિંબિબ

અમેરિકાના પ્રમુખપદેથી નિવૃત્ત થયા બાદ ભારતની મુલાકાતે આવેલા પુર્વ પ્રમુખ બરાક ઓબામાએ યોજેલ એક અખબારી પરિષદમાં જણાવ્યુ હતું કે ભારતની મોટાભાગની મુસ્લીમ વસતી પોતાને ભારતીય સમજે છે. ભારત સરકાર અને ભારતના બહુમતી સમાજે મુસ્લીમોના વિકાસ અને તેમને આગળ વધારવા માટે વિશેષ કાળજી લેવી જોઈએ. જેથી તેઓ પોતાને ભારતનો હિસ્સો સમજે.

એચટી લીડરશીપ સમિટને સંબોધન કરતાં ઓબામાંએ ભારતમાં સમુદાયો વચ્ચે કરાઇ રહેલા ધાર્મિક ધ્રુવીકરણના મુદ્દા પર ધ્યાન કેન્દ્રીત કરતાં જણાવ્યુ હતું કે રાજકીય નેતાઓ સમાજમાં રહેલા પરિબળોનું પ્રતિબિંબ છે.જો ભારતના સમુદાયો એમ કહે છે કે તેઓ કોઈપણ પ્રકારના વિભાજનને માન્યતા આપતાં નથી તો આ પ્રકારની વિચારધારા ધરાવતા રાજકીય નેતાઓ મજબુત થશે.

ઓબામાંએ કહ્યુ હતું કે ૨૦૧૫માં હુ ભારતની મુલાકાતે આવ્યો ત્યારે પીએમ મોદી સાથે બંધ બારણાની મુલાકાતમાં બે દરેક વ્યક્તિને પોતાની પસંદગીના ધર્મનું પાલન કરવાના અધિકાર અને ધાર્મિક સહિષ્ણુતાની જરુરીયાત પર ભાર મુક્યો હતો.મે મોદીને કહ્યુ હતું કે દેશને ધર્મના આધારે વિભાજિત કરવો જોઈએ નહી.તેનાથી લોકોમાં વિભાજન થાય છે અને સમાનતા નાબુદ થઈ જાય છે.

તેમણે કહ્યુ કે ભારત અને અમેરિકામાં ઘણી સામ્યતા છે.બંનેના બંધારણ વી ધ પીપલ એવા ૩ સમાન શબ્દોથી શરુઆત થાય છે. અને દેશર વૈવિધ્યતાસબર મુલ્ય ધરાવે છે.અત્યારે લોકશાહી ભયમાં છે. ભારત અને અમેરિકા વચ્ચેની ભાગીદારી વિશ્વની કોઈપણ સમસ્યાનો ઉકેલ લાવી શકે છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯-

## ગુજરાતની ચુંટણીએ રાહુલ ગાંધીને નેતા બનાવી દીધા : શિવસેના



શિવસેનાએ કહ્યુ હતું કે ગુજરાત વિધાનસભાની ચુંટણીના પ્રચારથી રાહુલ ગાંધી નેતા બની ગયા છે,ને એટલે પ્રચાર દરમિયાન કોંગ્રેસ ઉપાધ્યક્ષની હિદુત્વને જીતવા માટેની કોશીશ અંતર્ગત મંદિરોની મુલાકાતોને ભાજપે આવકારવી જોઈએ.ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી ગુજરાતમાં ચુંટણી પ્રચાર જોરશોરથી કરી રહ્યા છે.ગુજરાતમાં પ્રથમ તબક્કાની ચુંટણી યોજાવાની છે.

રાહુલ ગાંધી ચુંટણી પ્રચાર દરમિયાન ગુજરાતમાં અનેક મંદિરોની મુલાકાતે જઈ આવ્યા છે.જેનાથી કોગ્રેસને વિશ્વાસ છે કે ભાજપના હિદુત્વ કાર્ડ સામે પોતાને ચુંટણીમાં લાભ થશે. શિવસેનાના મુખપત્ર સામનામાં લખાયું છે કે જે રાજ્યમાં ભાજપની જીત નિશ્ચિત હોય છે એવા ગુજરાત રાજ્યમાં ચુંટણીના પ્રચારમાં વડાપ્રધાન મોદી થાકેલા જોવા મળે છે.પરંતુ તેનાથી ઉલટું રાહુલ ગાંધી એક અગ્રિમ નેતા તરીકે ઉભરી આવ્યા છે.સંપાદકીયમાં લખ્યું છેકે આ ચુંટણીએ સિધ્ધ કર્યુ છે કે રાહુલ ગાંધી પપ્પુ નથી. ભાજપના જ સાથી પક્ષે આ અંગ કહ્યુ હતું કે રાહુલ ગાંધીના ઉભરતા નેતૃત્વને ભાજપે ખુલ્લા દિલે આવકારવું જોઈએ.શિવસેનાએ કહ્યુ છે કે કોગ્રેસની હાલત દેશભરમાં ખરાબ છે. પરંતુ તેમ છતાં રાહુલ ગાંધી ભાજપ માટે પડકાર બની રહ્યા છે તે હકીકત છે.

શિવસેનાએ કહ્યુ હતું કે ભાજપ રાહુલ ગાંધી મંદિરોની મુલાકાતે જઈ રહ્યા છે તેનાથી રોષે ભરાય છે પણ વાસ્તવમાં ભાજપે તેમની આ હરકતને આવકારવી જોઈએ.



## દેશમાં ૨૦૧૬ દરમિયાન ૬૧૯૭૪ રમખાણોના કેસ નોધાયા :એનસીઆરબી

દેશમાં ૨૦૧૬ દરમિયાન ૬૧૯૭૪ રમખાણોના કેસ નોધાયા છે.એનસીઆરબીના અહેવાલમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૫ને મુકાબલે કેસમાં પાંચ ટકાનો ઘટાડો નોધાયો છે. અહેવાલમાં જણાવ્યા પ્રમાણે વર્ષ દરમિયાન દેશદ્રોહના ૩૫ કેસો નોધાયા હતા.હરિયાણામાં દેશદ્રોહના સૌથી વધુ ૧૨ કેસ નોધાયા હતા.ઉત્તર પ્રદેશમાં ૬ કેસ નોધાયા હતા.રમખાણ અને જુથબંધીના નોધાયેલા કુલ ૬૧૯૭૪ કેસ પૈકી બિહારમાં સૌથી વધુ કેસો ૧૧૬૧૭ નોધાયા હતા.ઉત્તરપ્રદેશમાં ૮૦૧૮ તો મહારાષ્ટ્રમાં ૭૮૯૮ કેસ નોધાયા હતા.

દેશદ્રોહના નોધાયેલા કુલ ૩૫ કેસો પૈકી કર્ણાટક અને કેરળમાં ૩-૩ દિલ્હી -તેલંગાણા અને મધ્યપ્રદેશમાં બે-બે કેસ તો આંધ્ર,હિમાચલ,ઓડીશા અને પશ્ચિમ બંગાળમાં એક એક કેસ નોધાયો હતો ૨૦૧૬માં પોલીસ લોકઅપમાં મૃત્યુના ૬૦ કેસો નોધાયા હતા.તે પૈકી ૧૨ કેસો મહારાષ્ટ્રમાં, ગુજરાત,અને ઉત્તરપ્રદેશમાં ૯-૯ કેસો,મધ્યપ્રદેશમાં પાંચ તો પંજાબમાં પાંચ કેસ નોધાયા હતા

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

મુંબઇની હાઇકોર્ટે કરેલી ટિપ્પણી સાંપ્રત સમાજ માટે,રાજ્ય સત્તા માટે ખરેખર ભયસુચક સિગ્નલ સમાન છે.હાઇકોર્ટની બેન્ચે એવી નોંધ કરી છેકે મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજ્યો પોતાની પ્રગતિવાદી અને આધુનિક વિચારસરણી માટે જાણીતા છે.મહારાષ્ટ્ર અને કર્ણાટક પોતાના સમાજ સુધારકો અને વિચારકો માટે જાણીતા છે.પરંતુ આવા બનાવોને લીધી તેમની છબી અને રાષ્ટ્રીય છબી ખરડાય છે.

કેટલાક અસામાજિક તત્વોને રાજકીય સહવાસ અને સાથ મળ્યો હોવાથી તેઓ ખુલ્લેઆમ તેમના આકાઓને ખુશ કરવા માટે ધમકીઓ અને વિરોધ પ્રદર્શનો કરવા ઉતરી પડે છે.પરિણામે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે છે.પોલીસ અને અન્ય તપાસ સંસ્થાઓ પણ રાજકીય હસ્તક્ષેપને કારણે આવી પરિસ્થિતિમાં કડક હાથે કામ લઇ શકતી નથી.

સોશ્યલ મીડીયા ઉપર કોઇ પોતાનો મત વ્યક્ત કરે પછી તેમનો પ્રતિકાર કરનારા હજારોની સંખ્યામાં ઉમટી પડે છે.કોઇ ખાસ ટિપ્પણી પર હિંસક હુમલા તેમના પરિવાર જનોને લક્ષ્યાંક બનાવવા,રીતો વ્યવસ્થિત આયોજન પુર્વક બની રહી છે.જ્યાં લોકો પોતાનો મત વ્યક્ત કરી નથી શકતાં ત્યાં લોકશાહી માટે ખતરો ઉભો થાય છે.ભારતની લોકશાહીની પ્રતિષ્ઠા ખરડાઇ રહી છે તેવી ટિપ્પણી હાઇકોર્ટે કરી છે. તેમજ તેની ચિંતા પણ વ્યક્ત કરી છે.માત્ર ટિપ્પણીઓ કરવાની જ પ્રશ્ન હલ થતો નથી.

અનુ. પાન નં.૩ ઉપરનું ચાલુ

બહુ આવકાર્ય બાબત નથી.શું તમે ખરેખર એવું માનો છો કે દિલ્હી યુની.નો કોઇ વિદ્યાર્થી તેના મિત્રને રેડીયો પર "મન કી બાત "મિસ ન કરવા જણાવશે.

વધુ કોલેજો શરુ કરો. પ્રવાસન વિકસાવો. વધુ રોજગારી આપતા હોય એવા ક્ષેત્રો પરના વેરા ઘટાડો.નાના ગામોમાં હેડક્વાર્ટર્સ ખસેડવા તૈયાર હોય એવી કંપનીઓને કર રાહત આપો.ઇન્ટીરીયરનાં ક્ષેત્રમાં કુશળતા અને જોબ માટે કંઇક નક્કર કામ કરો.પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ યોગ્ય રીતે ચાલે એ નિશ્ચિત કરો અને તેમાં શિક્ષણ સારુ હોવું જોઇએ. પ્રાથમિક શાળાના આપણાં અડધો અડધ બાળકો સાચી રીતે વાંચી પણ શકતાં નથી.શહેરોમાં ઓછી કિંમતના આવાસોની અત્યંત જરુરીયાત છે.આ આવાસોમા પાણી,વીજળીની સુવિધા હોવી જરુરી છે.એટલુંજ નહી પરંતુ ટ્રાન્સપોર્ટ સુવિધા પણ મળવી જોઇએ. શહેરી ગરીબો ગૌરવપુર્વક રહી શકે તે માટે આ પગલાં જરુરી છે.તેમને ગૌરવ મળે તે જરુરી છે.દિલ્હીમાં એ લોકોએ તમારા માટે મત નહોતા આપ્યા, બરાબર, તો તેમનો પ્રેમ ફરી જીતી લો.

વાસ્તવિક બનો. કામ અને જીવન વચ્ચે સંતુલન જાળવો.એક વડાપ્રધાન પણ ક્યારેક ફિલ્મ માણી શકે. અથવા દિલ્હીમાં કયાંક ચાટ ખાઇ શકે. ગ્લોરીફાઇડ વડાપ્રધાન કરતાં એક માનવીય વડાપ્રધાન વધારે સારી રીતે કામ કરી શકે. પ્રતિમાઓની કોઇ જરુર નથી.પ્રતિમાઓને બદલે શાળાઓની વધારે જરુર છે. શું પ્રતિમાને બદલે હોસ્પીટલ વધારે આવશ્યક નથી?

વિરોધીઓ પર અંગત હુમલા ન કરશો.આવી સલાહ આપનારા સાથીદારોથી છુટકારો મેળવી લો.ધનિક ઉદ્યોગપતિઓ સાથે મુલાકાતો બંધ કરો. અલબત્ત સત્તાવાર રીતે તમારે તેમને મળવાની જરુર હોઇ શકે પણ એવી મુલાકાતોને માધ્યમોમાં ચગાવવાની જરુર નથી.અબજોપતિઓ સાથે નહી પણ એક અબજ લોકો સાથે મુલાકાત કરો.

છેવટે, ઉપર જણાવેલી બધી જ બાબતો એવા પક્ષને લાગુ પડે છે જે પ્રજાની વાત સાંભળે છે અને તેમની ઇચ્છા પ્રમાણે કામ કરે છે.

લેખકઃ ચેતન ભગત (સૌ.નગુ.સમય)



## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ભાગલા પાડો અને રાજ કરોની રાજનીતિનો આરોપ પીએમઓ પર મુકતા અરુણ શૌરી

જાણીતા લેખક,પત્રકાર અને ભાજપના સીનીયર નેતા તેમજ બાજપેયી સરકારના મંત્રી અરુણ શૌરીએ કહ્યુ છે કે ટેકનોલોજીના વર્તમાન સમયમાં જ્યારે દરેક વસ્તુ એકબીજા સાથે કનેકટેડ છે ત્યારે જુઠ્ઠાણું અને તોડી-મરોડીને રજુઆત કરવાની હોડ લાગેલી છે. જે મુળ વાતને ભુલાવી દેશે.તેમણે કહ્યું કે આજે પીએમઓ જેટલું નબળું છે તેટલું ક્યારે ન હતું. કારણ કે ટોચ પર બેઠેલી વ્યક્તિ અસલામતી અનુંભવી રહી છે.

ટાઇમ્સ લિટફેસ્ટમાં શૌરીએ એ ફયુ લેસન્સ ફોર ફોલોયર્સ વિષય પર સંબોધન કરતાં કહ્યુ હતું કે દેશની રાજનીતીના ૪૦ વર્ષના અભ્યાસ દરમિયાન તેમણે આજે જે કંઇ જુઠ્ઠાણા ચલાવાઇ રહ્યા છે તેવા ક્યારેય જોયા નથી.તેમણે કહ્યુ કે તમે જુઓ ભાજપ આંબેડકરનો એવી રીતે ઉપયોગ કરે છે અને કહે છે કે તેઓ હિન્દુત્વ અને ભાજપનું સમર્થન આપતા હતા.હવે રિડલ્સ ઇન હિન્દુઇઝમ પુસ્તક વાચીને તેમને સવાલ કરો કે તેઓ શું કહેતા હતા. નરેન્દ્ર મોદી સરકારની ઉગ્ર ટીકા કરતાં શૌરીએ કહ્યુ કે આજે જે વડાપ્રધાન કાર્યાલય છે તેના જેટલું નબળું પીએમઓ ક્યારેય ન હતું.તેનુ કારણ ટોચના પદે રહેલી વ્યક્તિની અસલામતી છે. દેશમાં કોમી ઘટનાઓ વધી રહી છે. તેમ જણાવીને તેમણે ચિંતા દર્શાવતાં રહ્યુ કે દરેક જુથને ઉશ્કેરવામાં આવી રહ્યુ છે.મહત્વનું એ છે કે હિંસા આખા સમુહમાં નથી થતી. નાના ગ્રુપને ઉશ્કેરવામાં આવે છે.પછી બાકીના લોકો હિંસા કરશે.૧૯૮૪માં આવું જ થયું હતું. ૨૦૦૨માં પણ આવુંજ થયું હતું. જો આપણે સજાગ નહી રહીએ તો આપણે પણ તેમાં જોડાઇ જઇશું. થોડા લોકો હિંસા કરે અને પછી રાજ્ય સાથે મળી જાય,પછી તે બળ મોટું થાય છે. મુસોલિનીના ગુંડા ગણ્યાગાંઠ્યા જ હતા,પછી મોટા થઇ ગયા.તેમણે કહયું કે મને ભય છે કે સ્થિતિ વધારે વણસી જશે. કારણે કે મોદીને ખબર છે કે તેમણે વિકાસનું જે વચન આપ્યું છે તે પુરુ થવાનું નથી. આથી તે લોકો જે કરે છે તે વધારે સારી રીત કરશે. લોકોમાં ભાગલા પાડો અને વિજયી થાવ.

# નોટબંધી,જીએસટી, આધારને કારણે થનારા રાજકીય નુકશાનને વેઠવાની તૈયારી બતાવતા વડાપ્રધાન મોદી

વડાપ્રધાન મોદીએ દિલ્હીમાં આયોજિત લીડરશીપ સમિટના ઉદ્દઘાટન સમારંભને સંબોધન કરતાં જણાવ્યુ હતું કે ભ્રષ્ટાચાર સામેની લડાઇના ભાગરુપે છેલ્લા ૭૦ વર્ષથી ભાંગી પડેલી સિસ્ટમમાં બદલાવ માટે નોટબંધી, જીએસટી અને આધાર જેવા પગલાં લેવાને કારણે જે કાંઇ રાજકીય નુકશાન થાય તે વેઠવાની મારી તૈયારી છે.

નોટબંધી અને જીએસટીએ ભ્રષ્ટાચારીને ભયભીત કરી દીધા છે.કાળુ નાંણું વિવિધત અર્થતંત્રમાં પાછુ લવાયું છે.ભ્રષ્ટાચારીઓ કાળા નાંણાની લેવડદેવડ કરતાં અચકાય છે.દેશમાં હવે તંદુરસ્ત અને સ્વચ્છ કોર્પોરેટ કલ્ચરનો પ્રારંભ થયો છે. આગામી સમયમાં આ પગલાંને કારણે સુનિયોજિત ભ્રષ્ટાચાર ઘટવાનો છે.નોટબંધીના અમલ દ્વારા કાળા નાંણા અંગે મળેલી માહીતી મોટ ખજાના સમાન છે. નોટબંધી દ્વારા સમાંતર અર્થતંત્રની કમર તુટી ગઇ છે.

# મુળભુત અધિકારોના મામલે કોઇ જ સમાધાન નહીં. ચીફ જસ્ટીશ મિશ્રા

ચીફ જસ્ટીસ દિપક મિશ્રાએ કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટ બંધારણીય સાર્વભૌમત્વમાં માને છે અને તે મુજબ કામ કરે છે.તેમણે કહ્યુ કે મુળભુત અધિકારો બંધારણના પાયાના મુલ્યમાં રહેલા છે.અને તેનો આધાર છે સ્વતંત્ર ન્યાયતંત્ર.બંધારણના રક્ષક તરીકે સંતુલન જાળવવા માટેકામ કરે છે. જે ન્યાયીક સમીક્ષાની સત્તા સાથે એ જોવાનું કામ કરે છે કે સબંધિત સરકારો કાયદામાં દર્શાવ્યા મુજબ કામગીરી કરે છે કે નહીં. તેમણે કહ્યુ કે નાગરિકોના મુળભુત અધિકારના મામલે કોઇ જ સમાધાન ન થઇ શકે. નાગરિકના અધિકારો સર્વોપરી છે.ચીફ જસ્ટીસે કહ્યુ હતું કે કોઇ જ અધિકાર અબાધિત નથી જ, પંરતુ કોઇ એવી બેડી ન હોવી જોઇએ જે બંધારણના મુળ હાર્દને નષ્ટ કરે.તેમણે કહ્યુ કે ન્યાયતંત્રનું મુખ્ય ફોક્સ પેન્ડીંગ કેસ ઘટાડવાનું છે.ફાલતુ અરજીઓ ફગાવી દેવાનુ છે.અને કેસના નિકાલ માટે વૈકલ્પિક વ્યવસ્થાતંત્ર ગોઠવવાનું છે.જ્યારે કાયદા મંત્રી રવિ શંકરે કહ્યુ હતું કે ચુંટાયેલા પ્રતિનિધિના હાથમાં જ શાસન હોવું જોઇએ.જાહેર હિતની અરજીથી ગરીબોને ન્યાય અપાવવાના હેતુ પાર પડે છે પરંતુ તેનો શાસનના વિકલ્પ તરીકે ઉપયોગ ન કરવો જોઇએ.તેમણે કહ્યુ કે પીઆઇએલ શાસન અને સરકારની સબસ્ટીટ્યુટ ન બનવી જોઇએ કારણે શાસન કરવાનો અધિકાર બંધારણના સ્થાપકોએ ચુંટાયેલા પ્રતિનિધિઓને જ આપ્યો છે. જે લોકો ચુંટાઇ આવ્યા છે તેમની પાસે જ કાયદો ઘડવાનું કામ હોવું જોઇએ.તેમણે કહ્યુ કે શાસન ચુંટાયેલા લોકોના હાથમાં હોવું જોઇએ અને તે લોકો જ દેશની જનતાને જવાબદાર ગણાશે.ન્યાયતંત્રની સ્વતંત્રતા મહત્વની છે. પરંતુ ન્યાયિક જવાબદારી,પ્રામાણિકતા અને યોગ્યતા એટલા જ જરુરી છે.ન્યાયતંત્રના કિસ્સામાં જવાબદારી ગુમ છે.ગમે તેવા આક્ષેપોને મહત્વ ન આપવું જોઇએ.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



# હિંસા કરે તે સ્વર્ગને મેળવી શકતો નથી.

આપણે ત્યાં' અહિંસા પરમો ધર્મ 'કહેવાયું છે.ભગવાન મહાવીર,બુધ્ધ અને ગાંધીજી પણ અહિંસાના માર્ગના ઉપદેશક રહ્યા છે.એટલું જ નહી,પણ જીવનભર સત્ય અને અહિંસા માટે ઝઝુમતા રહ્યા છે.છતાંય સમગ્ર વિશ્વમાં હિંસાએ એવો તો ઉપાડો લીધો છે કે કોઇ હદ નથી.આજે અન્ય મહોત્સવોની સાથે સાથે હિંસા મહોત્સવો પણ શરુ થઇ ગયા છે.હાડકાના પહાડો,લોહીની નદીઓ,કે દ્વેષના ધુમાડા ચારે કોર જોવા મળે છે.વિશ્વના શાંતિ ચાહકો અને સંતો મહંતોની અપીલો તપશ્ચર્યા સામે ખુલ્લા પડકારો થઇ રહ્યા છે.આજે જાણે હત્યાદેવી હાથમા ખુલ્લુ ખપ્પર લઇને નીકળી ન હોય ! એવો અહેસાસ થાય છે.આખા જગતમાં જાણે ઝેરીલી હિંસાનો દાવાનળ પ્રગટ્યો છે.આ યુગની હિંસાનું વરવુ રુપ ચારેબાજુ જોવા મળે છે.ત્યારે આપણી આંતરડી કકળી ઉઠે છે.સત્તા સામેનો વિરોધ,રાજ્યની જોહુકમી,ધર્માંધતા,પક્ષાંધતા,વાદ-વિવાદના ઝગડા,વ્યાપાર અને વસવાટ હરીફાઇઓને દુનિયામાં હિંસાનું કરુણમાં કરુણ તાંડવ આચર્યુ છે. હિંસા દ્વારા જ માણસ પશુથી પણ બદતર બની ગયો છે.ત્યાં અહિંસાની વાત કરવી અતિ અઘરી બની રહે છે.સ્વાર્થથી આંધળા અને નિર્દયી બનીને ધનિકોએ નિર્ધનોની હિંસા કરી છે.જે સામાન્ય માણસ છે,એના પર રાજ્યસત્તાએ પણ હાવી બનીને હિંસા કરે છે.આપણે જોતા આવ્યા છીએ કે દરેક યુગમાં હિંસાનુ રુપ અલગ અલગ મળે છે.આસુરી વિદ્યા અનેકરુપો ધારણ કરીને હિંસાને પોષવાનું કામ કરે છે.આપણને ખબર છે કે, વરસાદ ગમે ત્યાં વરસે પણ આખરે એ પાણી તો સમુદ્રને જ મળે છે.તેમ હિંસા ગમે તે કારણે,ગમે તે બહાને,ગમે તે પધ્ધતિએ કે ગમે તે સાધનથી થઇ હોય તો તે દ્વેષમાં પરિણમે છે.અને સમાજ નાશના જ કારણરુપ બને છે.આજે કોઇ પ્રાંત કે દેશ જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં હિંસાનો ખેલ ખેલાઇ રહ્યો છે.

હિંસા -સ્ત્રી. (સં) કોઇપણ જીવને હણવો કે પીડવો તે એવો અર્થ થાય છે. ભગવદ્ગોમંડળ માં હિંસા વિશે વિગતે વાત કરી છે.પાંચ ઇન્દ્રીયો,મનોબળ,વચન અને કાય બળ એ ત્રણ તથા શ્વાસોશ્વાસ અને વાયુ મળીને દસ પ્રાણ ભગવાને કહેલા છે.તેનો વિયોગ કરવો તેનું નામ જ હિંસા છે.હિંસાના જુદા જુદા પ્રકાર : કૃતા(પોતે કરેલી)કારીત(કરો એમ કહીને બીજા પાસે કરાવેલી) અને અનુમોદિતા(સારુ કર્યુ તેમ કહીને અનુમોદન આપેલી) એમ ત્રણ પ્રકારની હિંસા છે.હિંસા એટલે કોઇનું ખુન કરવું કે પ્રાણ હરવો એટલું જ નથી હોતું, પણ કોઇપણ જીવને કોઇપણ પ્રકારની હાનિ કરવી તેનો પણ હિંસાના અર્થમાં સમાવેશ થાય છે.હિંસા પણ ત્રણ પ્રકારે થઇ શકે છે.શરીર વડે,મન વડે,કે વાણી વડે, એમ ગમે તે પ્રકારે હિંસા થઇ શકે છે.આપણે કોઇને લાફો મારીએ અથવા કોઇ વસ્તુ વડે મારીએ તો તે શારીરીક હિંસા થઇ કહેવાય. કોઇનું ખરાબ કે ખોટું ઇચ્છીએ તે માનસિક અને કોઇને ગાળો બોલીને, ધિક્કારીએ કે ખરાબ વચનોથી એની મશ્કરી કરીએ, કોઇ માણસનું મન દુભાવીએ કે એના અંતકરણને ડંખે એવું બોલીએ તે વાચિક હિંસા કહેવાય છે.

આ દરેક પ્રકારની હિંસાના પણ ત્રણ ત્રણ ભેદ છે.(૧) પોતે જાતે હિંસા કરવી (૨)એવા પ્રકારનું વર્તન કરવું કે જેના કારણે કોઇ બીજો માણસ હિંસા કરે (૩)કોઇ અન્ય માણસ હિંસા કરતો હોય એને આપણે અટકાવી શકીએ એમ હોવા છતાં ન અટકાવીને આપણે મુક સંમતિ આપવી. આ રીતે હિંસાના નવ પ્રકાર થાય છે.આ દરેક પ્રકારની હિંસાને પુનઃ ત્રણ વિભાગમાં વહેચીએ.(૧) લોભથી પ્રેરાઇ થયેલી હિંસા(૨)ક્રોધના આવેશથી થતી હિંસા (૩)અજ્ઞાનરુપ અંધકારથી થતી હિંસા. વળી તે હિંસાના પ્રમાણની અપેક્ષાથી ફરીથી તેના ત્રણ વિભાગ જોઇએ.(૧) મૃદુ માત્રા (૨)મધ્યમ માત્રા (૩)અધિક માત્રા. જેમાં હિંસા નજીવી થાય. જેમાં હાનિ સામાન્ય હોય અને જેમાં હાનિ થાય તે છે.આજે આ જગતમાં હિંસાએ માઝા મુકી છે.માણસ માણસના લોહીનો તરસ્યો બન્યો છે.ધનની પ્રતિષ્ઠા વધી છે.એના કારણે હિંસા સુક્ષ્મ રીતે પણ વધી રહી છે. હિંસા એ ધીમે ધીમે પોતાનું સ્વરુપ પ્રગટ કરવા માંડ્યું છે.આ જગતમાં બધાજ હિંસાની પાછળ પડ્યા છે એવું નથી. કેટલાક પોતપોતાની રીતે હિંસાનો વિરોધ કરે છે.પણ એમની પહોચ ક્યાં સુધી ?આપણે કહીએ છીએ કે જ્યાં આભ ફાટ્યું ત્યાં થીગડું ક્યાં મારવાનું ? ગાંધી ગીતામાં કહ્યું છે : પતન માનવીનું યે હિંસાથી ઉદ્દ્ભવે સદા. આગળ કહેવાયું છે : હિંસા અને અહિંસાનો ભેદ જાણવો ભેદ તો ઘટે,બીજાને દુઃખ દે હિંસા અહિંસા દુઃખ વ્હોરી લે.જે રાગદ્વેષથી મુક્ત હોય એજ અહિંસક બની શકે છે.

પદ્મપુરાણ(૧-૨-૩૧-૨૬)માં કહ્યું છે : પ્રાણી-હિંસક( જે પ્રાણીઓની હિંસા કરે છે તે)વેદ,દાન,તપ કે યજ્ઞ વગેરેથી પણ સ્વર્ગત્વને મેળવી શકતો નથી.જેનું મન હિંસામાં લાગેલું છે તે ગમે તે પ્રયત્ન કરવા છતાંય એની મોક્ષગતિ થતી નથી.જે માણસ માનવધર્મને ભુલી જાય છે તે હંમેશા હિંસાનો માર્ગ ગ્રહણ કરતો હોય છે. પુરુષાર્થસિધ્ધ્યુપાય(૬૨)માં કહ્યું છે : મદિરા-પાન ચિત્તને મોહિત કરે છે.અને જે મોહિતચિત્ત પુરુષ છે તે ધર્મને ભુલી જાય છે તથા ધર્મને ભુલેલો જીવ નચિંત બનીને હિંસાનું આચરણ કરે છે.દારુ પીને છાકટો બનતો માણસ શું ન કરી શકે?સામાન્ય બાબતમાં પણ ઝગડા કરતો ફરે.વિદુરે કહ્યું છે : મનુષ્યે હિંસા ન કરતા અર્થોને અપનાવવા જોઇએ. હિંસા થતી હોય, એ પ્રકારના શબ્દોથી પણ દુર રહેવું જોઇએ.જેથી વાચિક હિંસા પણ આપણાથી ના થવી જોઇએ. કેટલાક લોકો કારણ વગર હિંસા કરતા હોય છે. કેટલાક માત્ર ભ્રમથી પણ હિંસા કરી બેસે છે. આચારાંગમાં કહ્યું છે : એણે મને માર્યો, એવો વિચાર કરીને કેટલાક લોકો હિંસા કરતા હોય છે.આ મને મારે છે, કેટલાક એવો વિચાર કરીને હિંસા કરે છે.મનનો ભય અને ભ્રમણાથી પણ માણસ હિંસક બની જતો હોય છે.માણસ બીજાનું જોઇને એમાંથી કંઇક ધડો લે તો સારુ,પણ એવુંબનતું નથી.જેના કારણે હિંસા તરફ ધકેલાય છે.

યોગશાસ્ત્ર(૨-૧૯)માં કહ્યું છે :પાંગળાપણુ, કોઢીલું,કુબડાપણું, આ બધુંજ હિંસાના ફળને જોઇને, જે વિવેકી છે તે નિરપરાધી જીવોની હિંસા કરવાનો સંકલ્પ ત્યાગી દે. જે હિંસા કરે છે. એમની સ્થિતિ કેવી થાય છે એ જોયા પછી જે સન્માર્ગે જાય છે તે સુખી થાય છે.ખરાબમાં ખરાબ માણસ પણ નિષ્ઠાપૂર્વક સદમાર્ગે વળે તો એનામાં પરિવર્તન આવી શકે છે.તે હિંસક નહી, પણ અહીંસક બની શકે છે.

દિલ્હી વિધાનસભાના પરિણામો પછી એવા ઢગલા બંધ લેખો પ્રકાશિત થયા જેમાં ભાજપની ભુલો બતાવવામાં આવી હતી.પરંતુ હવે એ બાબત મહત્વની છે આ સ્થિતિમાંથી કેવી રીતે બહાર આવવું.

ભાજપ જો ભારતમાં પ્રભાવશાળી રાજકીય પક્ષ રહેવા માંગતો હોય તો તેના માટે આ ૧૭ મુદ્દા અગત્યના છે.ઘણા લાંબા સમય પછી કેન્દ્રમાં સ્થિર સરકાર આવી છે.ભાજપ જો આ તક ગુમાવી દેશે તો દેશ એક દાયકો પાછળ પડી જશે.દિલ્હીની ચુંટણીમાં મળેલી હાર વાસ્તવિકતામાં ગંભીર ફટકો છે.આ પરિણામો સાથે મોદી સુનામી,મોદી વેવનો અંત આવ્યો છે.તેનાથી એ પુરવાર થયું છે કે ટોચની નેતાગીરીને સામાન્ય માણસોની કે પછી તેના પોતાના પક્ષના કાર્યકરોની લાગણી બાબતે કોઇ જ અંદાજ હોતો નથી.વાસ્તવમાં મોદીની વાસ્તવિક ક્ષમતા બાબતે પણ સવાલો ઉભા થયા છે.

વડાપ્રધાન પ્રત્યે પુરા આદર સાથે એટલું તો કહેવું પડશે કે તેઓ વધારે ઉંચે ઉડી રહ્યા છે.જમીન પર આવી જાવ.પોતે વૈશ્વિક રાજનિતિજ્ઞ હોય એવી છબી ઉપસાવવાનો પ્રયાસ ન કરશો.વાસ્તવમાં કોંગ્રેસ સાવ નબળો પડી ગયો હતો ત્યારે ભાજપના વોટશેરાં થોડો વધારો કરીને તમે સત્તાધારી પક્ષ વિરોધી જુવાળમાં ચુંટણી જીત્યા છો.તમે હજુ ભારતમાં કોઇ બદલાવ લાવ્યા નથી.ફીજી જવાની જરુર નથી.ફીજી કરતાં વધુ ગંભીર સમસ્યાઓ અહીં આપણે ત્યાં છે. એનઆરઆઇ સમુદાય તરફથી માત્ર તાળીઓ મેળવવાનો અર્થ નથી.જો એ લોકો તમને એટલો બધો પ્રેમ કરતાં હોય તો તેમની પાસે નાણાં માંગો. જો એક લાખ એનઆરઆઇ વર્ષે ૧૦૦૦ ડોલર ભાજપને આપવા તૈયાર થાય તો એક કરોડ ડોલર ધોળું નાણુ મળી શકે છે.તેનો ઉપયોગ ભાજપને મળતા ભંડોળને સ્વચ્છ કરવામાં કરો. આ કામ તમે ક્યારે શરુ કરશો ?

લોકપાલ લાવો, સીબીઆઇ અને સીવીસીને સ્વચ્છ અને સ્વતંત્ર બનાવો. ભ્રષ્ટાચાર પધ્ધતિસર નાબુદ કરો. મોદી છે ત્યાં સુધી ભ્રષ્ટાચાર કોઇ કરી ન શકે એવું ના કહેશો. કેમકે આવતીકાલે મોદી નહી હોય તો શું થશે ?મીડીયા તેમજ પક્ષમાં રહેલા જુનિયર કાર્યકરોને હડધુત ન કરશો . તેમને ભય નહી પણ માન થાય એવું કરો.અહંકાર ન કરશો. કેમકે જો એવુ કરશો તો એજ લોકો એક દિવસ તમારા માટે ખતરારુપ બની જશે. ભાજપના ડીએનએમાં નથી કે તે એક વ્યક્તિનો પક્ષ બની રહે.

આક્રમક હિન્દુત્વવાદીઓને ચુપ કરો.એ લોકો બોલ્યા કરશે.તમે તેમની ઉપેક્ષા કરો.એ લોકો તમારા ટેકેદારો છે.તમારે તેમને સ્પષ્ટપણે કહેવું પડશે કે આ બધું બરાબર નથી.યુવા પેઢી એવા નેતાને ટેકો નથી આપતી કે સ્વતંત્રતા અને સામાજિક સમાનતામાં માનતી ન હોય. જેન્ડરને લગતા મુદ્દા અને લઘુમતી અધિકારો વિશે જાણકાર મેળવવા માટે તમારા પક્ષના જુનવાણી નેતાઓને વિદેશ મોકલો, અન્યથા એ લોકો જ તમને ડુબાડી દેશે.

તમારા ભાષણોમાં ઓવરકોન્ફિડન્સ ન રહેશો. માત્ર તમારી વાહ વાહ કરતાં હોય એવા લોકોને નહીં પરંતુ તમારા ટીકાકારોને પણ તમારી નજીક રાખો. તમે જાહેરમાં જે કંઇ બોલો તે પહેલાં બરાબર ચકાસી લો. જો તમે આવું કર્યુ હોત તો નક્ષલ અને બાજારુ જેવા શબ્દો બાકાત કરી શકાયા હોત.એક વડાપ્રધાનને માટે આવા ઉચ્ચારણ યોગ્ય નથી.સાદા વસ્ત્રો પહેરો,કરિશ્મા માત્ર ચારિત્ર્ય,જ્ઞાન અને સોહાર્દથી આવે છે.મોંઘાં વસ્ત્રોથી નહીં. યુવાનો સાથે જોડાયેલા રહો અને તેમના માટે નક્કર કામગીરી કરો. લોકસભા ચુંટણી દરમિયાન એ લોકોએ તમારા માટે સુત્રોચાર કર્યા હતા, તેમની ફેસબુક અને વોલ અને ટ્વીટર હેન્ડલ તમારા વખાણથી ભરી દીધા હતા. તેમના માટે તમે શું કર્યુ ? ચુંટણી પહેલા તમે એસઆરસીસીમા જઇને લેકચર આપ્યુ હતું પણ ત્યારબાદ તમે ક્યારેય કોઇ કોલેજમાં ગયા છો ?

પક્ષ પ્રમુખ ખરેખર હોશિયાર હશે,પરંતુ ક્યારેક કોણ વધારે હોશિયાર છે એ બાબત નહી પરંતુ કોણ ખરેખર કાળજી લે છે એ વધારે અગત્યનું હોય છે. ચેસની જેમ પ્યાદા ખસેડવાથી દરેક વખતે ચુંટણી જીતી ન શકાય.પરંતુ લોકો સાથે સંપર્ક જાળવી રાખવાથી જીતી શકાય.પક્ષ પ્રમુખની જે છબી છે તેનાથી કોઇનામાં આત્મવિશ્વાસ ન જાગી શકે. અમિતાભ બચ્ચન અમરસિંહની બાજુમાં ઉભા હોય તો તેનાથી શું અમિતાભ બચ્ચનનું કંઇ ભલું થઇ શકે ?વાતચીતમાં લોકોને ધુત્કારી ના કાઢશો.તેમની સાથે વાતચીત કરો. જો તમે સવાલના જવાબ આપવા માંગતા ન હોવ તો લોકોને સંબોધન ન કરશો. રેડીયો પર એક તરફી વક્તવ્ય ના આપશો.આવા પ્રયાસો ઇન્દીરા ગાંધી અને ઉત્તર કોરીયાની યાદ અપાવે છે.આ

અનુ. પાન નં.૨ ઉપર


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર
બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં.:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં.:૯૮૯૮૦૭૨૮૮૧

# ક્રાઇમ રેટના દર પ્રમાણે પાંચ ભાજપ શાસિત રાજ્યોમાં દલિતો વિરુધ્ધ સૌથી વધુ અપરાધ:એનસીઆરબી

ભારતીય જનતા પાર્ટી શાસિત રાજ્યોમાં દલિત અનુસુચિત જાતિ વિરુધ્ધ અપરાધ કેસમાં વૃધ્ધિ નોંધાઈ છે.રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરો(એનસીઆરબી) દ્વારા આપવામાં આવેલા આંકડા મુજબ દલિતો વિરુધ્ધ અપરાધ વધુ થતા હોય તેવા રાજ્યોમાં ભાજપશાસિત રાજ્યોનો સમાવેશ થાય છે.દલિત વિરુધ્ધ વધુ અપરાધ થા હોય તેવા રાજ્યોમાં ભાજપ કે પછી તેના સહયોગી શાસન સંભાળે છે.આંકડા પ્રમાણે ૨૦૧૬માં અનુસુચિત જાતિના લોકો સામેના અપરાધમાં ૫.૫ ટકાનો વધારો થયો છે.

ક્રાઈમ રેટ દર પ્રમાણે જોવામાં આવે તો મધ્યપ્રદેશ મોખરે છે. પ્રતિ લાખ પ્રમાણે વર્ષ ૨૦૧૪માં મધ્યપ્રદેશમાં અનુસુચિત જાતિ વિરુધ્ધ અપરાધના ૩૨૯૪ કેસ દાખલ થઈ ચુક્યા છે.વર્ષ ૨૦૧૫માં ૩૫૪૬ તો ૨૦૧૬માં ૪૯૨૨ કેસો નોધાયા છે.મધ્યપ્રદેશમાં એક દાયકાથી શિવરાજસિંહ ચૌહાણના નેતૃત્વ હેઠળ ભાજપ શાસન છે.ગયા વર્ષે રાજ્યના આંકડામાં ૧૨.૧ ટકા વધારો નોધાયો છે.

યાદીમાં તે પછીના ક્રમે રાજસ્થાન આવે છે. ત્યાં દલિતો સામેના અપરાધમાં ૧૨.૬ટકાની વૃધ્ધિ નોધાઈ છે.રાજસ્થાનમાં વર્ષ ૨૦૧૪માં ૬૭૩૫,૨૦૧૫માં ૫૯૧૧ અને ૨૦૧૬માં ૫૧૩૬ કેસો નોધાયા છે.ગોવા યાદીમાં ત્રીજા ક્રમે આવે છે. જો કે ગોવામાં વર્ષ ૨૦૧૪માં આ જ પ્રકારના માત્ર ૧૩ અને ૨૦૧૫માં ૧૧ કેસો નોધાયા હતા.આંકડાની યાદીમાં આરંભે આવેલા રાજ્યોના નામ છે તેમાં ભાજપ શાસન સંભાળે છે.

યાદીમાં બિહાર ચોથા ક્રમે છે. અહી ભાજપના સમર્થનથી નીતિશકુમારની સરકાર ચાલી રહી છે.બિહારમાં ગયા વર્ષે આ પ્રકારના ૫૭૦૧ કેસો નોધાયા હતા. વર્ષ ૨૦૧૬માં સમગ્ર દેશમાં નોધાયેલા કેસ પૈકી બિહારમાં નોધાયા હતા.બિહારમાં પહેલાં જેડીયુ-રાજદની સરકાર હતી. પરંતુ સમીકરણ બદલાંતા હાલ ભાજપ- જેડીયુની સરકાર છે.

# રાકેશ અસ્થાનાની સીબીઆઇના વડા તરીકેની સરકારે કરેલી નિમણુંક કાયદેસર ઠેરવતી સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી રાકેશ અસ્થાનાની સીબીઆઈના સ્પેશીયલ ડીરેકટર તરીકેની નિમણુંકને પડકારતી અરજી ફગાવી દીધી હતી.અને કહ્યુ હતું કે અસથાનાની નિમણુંક કાયદેસર જ છે.કોર્ટે કહ્યુ કે પસંદગી સમિતિએ કરેલા સર્વસંમત નિર્ણય સામે પ્રશ્ન ન કરી શકાય. બેન્ચે કહ્યુ કે પરામર્શ થઈ જાય અને સર્વસંમત નિર્ણય લેવાય, પછી તેની ન્યાયિક સમીક્ષાનો અવકાશ રહેતો નથી.અસરકારક પરામર્ષનો અભાવ હોય તો તેની ન્યાયિક સમીક્ષા થઈ શકે.

એલીફન્ટ સીલ દસ મિનિટ જેટલા સમય સુધી પોતાનો શ્વાસ રોકી શકે છે.કોઈ પણ દરિયાઈ જીવ આટલો લાંબો સમય સુધી શ્વાસ રોકી શકતું નથી.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# સરકાર દેશના તમામ ઘરોને સાતેય દિવસ ૨૪ કલાક વીજ પુરવઠો મળી રહે તેવાં પગલાં લેવા માટે કમર કરી રહી છે

સરકાર દેશના તમામ ઘરોને સાતેય દિવસ ૨૪ કલાક વિજળીનો પુરવઠો ઉપલબ્ધ કરાવવાની દિશામાં પગલાં લેવા જઈ રહી છે.તે માટે વીજ સુધારા વિધેયક આવી રહ્યું છે.આ સુચિત વિધેયકમાં વીજ વિતરણ કંપનીઓ લોકોના ઘરમાં સાતેય દિવસ ૨૪ કલાક વીજ પુરવઠો ઉપલબ્ધ રહેશે અને તે વીજ કપનીઓ કરાવશે તે શરતને અનિવાર્ય બનાવાશે.શરતનું પાલન ના કરનારી કંપનીઓને દંડ પણ થશે.માર્ચ ૨૦૧૯થી આ સુધારા અમલી બને તેવી યોજના છે.

વીજ અને નવીનીકરણ ઉર્જાપ્રધાન આર.કે.સિંહે જણાવ્યુ હતું કે માર્ચ ૨૦૧૯થી લોકોના ઘરમાં સાતેય દિવસ ૨૪ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ રહે તે બાબતને ફરજીયાત બનાવવા કેબિનેટમાં દરખાસ્ત મુકાવામાં આવશે.તકનીકી ખામી કે કુદરતી આફતને બાદ કરતાં વીજ પુરવઠામાં કાપ મુકવાની જોગવાઈ જ નહીં હોય. આ શરતનો ભંગ કરનાર કંપનીનો દંડ કરાશે.

આર.કે સિંહે જણાવ્યુ હતું કે સૌભાગ્ય યોજના અંતગર્ત તમામ ઘર સુધી વીજળી પહોચાડવામાં આવશે. ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં આ લક્ષને આંબવામાં આવશે. તે સાથે સાતેય દિવસ ૨૪ કલાક વીજ પુરવઠો ઊપલબ્ધ કરાવવાની વ્યવસ્થા અમલી બનાવાશે. તે વ્યવસ્થા અંતગર્ત કોઈ વીજ વિતરણ કંપનીને એક વિસ્તાર માટે કોન્ટ્રાકટ મળે તો તેણે ૧૦૦ટકા જરુરીયાત આધારે વીજ ખરીદી કરવી પડશે.આ બાબતને કાયદામાં થનારા સંશોધનમાં સમાવી લેવામાં આવશે.

આ નવી વ્યવસ્થાના કારણે ગ્રાહકોને વધુ વીજદર ચુકવવા પડશે. તે મુજબના પ્રશ્ન ના ઉત્તરમાં વીજ પ્રધાને કહ્યુ હતું કે વીજદર પર તેની કોઈ અસર થશે નહીં.વીજ ચોરી તેમજ વાણિજ્યકીય નુકશાનને કારણે વીજ દર ઊંચા જણાય છે તે ઘટાડવા પણ પગલાં લેવાઈ રહ્યા છે.કેટલાક રાજ્યોમાં આવું નુકશાન ૨૧ ટકા જેટલું છે.

# શસત્ર દળો રાજનીતિથી દુર રહીને શ્રેષ્ઠ કામ કરી શકે :સેનાને રાજનીતિથી દુર રાખો : જનરલ બિપીન રાવત

ભુમિદળના વડા જનરલ બિપીન રાવતે કહ્યુ હતું કે સશસ્ત્ર દળોનાં રાજનીતિકરણ કરવામાં આવ્યુ હતું.પરંતુ હવે તેને રાજનીતિથી દુર રાખવા જોઈએ.જનરલ રાવતે કહ્યુ હતું કે ગતિવંત લોકતંત્ર માટે સેનાને રાજનીતિથી દુર રાખવી જોઈએ. સેનાનું રાજનીતીકરણ થઈ રહ્યું હોવાનું અને જોઈ રહ્યા છીએ. મને લાગે છે કે આપણે ખુબજ બિનસાંપ્રદાયિક માહોલમાં કામ કરી રહ્યા છીએ.આપણુ આ જ ગતિવંત લોકતંત્ર છે. જેમાં સેનાને રાજનીતિથી દુર રાખવી જોઈએ. આ અંગે વધુ સ્પષ્ટતા કરવાનો તોમણે ઈન્કાર કર્યો હતો.યુનાઈટેડ સર્વીસ ઈન્સ્ટીટયુટના કાર્યક્રમમાં બોલતાં જનરલ રાવતે કહ્યુ હતું કે જુના જમાનામાં એવો નિયમ હતો કે સેનામાં મહિલા અને રાજનીતી વિશે ચર્ચા જ થતી ન હતી. પરંતુ આ બંન્ને વિશે ચર્ચા થવા લાગી છે જે ન થવું જોઈએ.જો કે સાંપ્રત પરિસ્થિતિમાં સેનાને રાજનીતીમાં ઘસેડી લાવવાનુ રાજકારણ રમાઈ રહ્યું છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# ગુજરાત મોડેલ કોઇ રીતે મોડેલ છે જ નહી : અર્થશાસ્ત્રી જીન ડ્રેઝે

વિકાસવાદી અર્થશાસ્ત્રી અને કાર્યકર્તા જીન ડ્રેઝે જણાવ્યુ હતું કે ગુજરાતનું કથિત મોડેલ કોઈપણ રીતે મોડેલ છે તે વાતનો કોઈ પુરાવો નથી.તેમણે સામાજિક માપદંડોમાં રાજ્યના પછાતપણાના સંદર્ભમાં આ વાત કહી હતી.ટાઈમ્સ લિટફેટમાં અર્થશાસ્ત્રી જીન ડ્રેઝે જણાવ્યુ હતું કે તમે વિકાસ ઈન્ડેકસની કોઈ પણ શ્રેણી જુઓ, ભલે તે સામાજિક,માનવ વિકાસ,બાળ વિકાસ,બહુઆયામી ગરીબી અને આયોજન પંચના તમામ સ્ટાન્ડર્ડ ગરીબી ઈન્ડેક્સ હોય.. તેમાં ગુજરાત હંમેશા વચ્ચે જ રહ્યું છે.

તેમણે કહ્યુ કે ગુજરાતની આ સ્થિતિ નરેન્દ્ મોદી રાજ્યના સીએમ બન્યા તે પહેલાંથી જ હતી અને તે પછી પણ રહી છે.જીન ડ્રેઝે નરેગા( હવે મનરેગા)ના ફર્સ્ટ વિઝનનો મુસદ્દો તૈયાર કરહવામાં મદદ કરી હતી.. એક સમયે ગુજરાત મોડલ(ગોટાળોઃ શીર્ષકથી લેખ લખનારા ડ્રેઝે યાદ કર્યુ હતુ કે ગુજરાત મોડેલ શબ્દ ગત લોકસભાની ચુંટણી(૨૦૧૪)ની આસપાસ ઘડાયો હતો.તેમણે ઉમેર્યું હતું કે આ મોડેલ આર્થિક ઈન્ડેક્ષ માપદંડોની દષ્ટિએ સારુ છે.પરંતુ સામાજિક વિકાસના માપદંડોની રીતે તે નિરાશાજનક છે અને એક વિરોધાભાસી દાખલો પણ છે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

સંપર્કઃ

**એ.એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.